# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) **ઓપરેશન સિંદૂર અંગેની માહિતી આપવા સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી: તમામ વિરોધ પક્ષો હાજર રહ્યા.**

2) **ઓપરેશન સિંદૂર બાદ ફરી પ્રધાનમંત્રી સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની મુલાકાત.**

3) **નિયંત્રણ રેખા નજીક પૂંચ સરહદે પાકિસ્તાનના ગોળીબારમાં 13 ભારતીય નાગરિકોનાં મોત.**

4) **ઉત્તર-કાશીમાં હેલીકોપ્ટર દુર્ઘટનામાં પાંચ યાત્રાળુ અને એક પાયલોટ સહિત છનાં મોત.**

5) **IPLમાં, આજે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મૂકાબલો.**

..........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ALL PARTY MEETING

ઓપરેશન સિંદૂરના પગલે નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનાં અધ્યક્ષપદે સર્વપક્ષીય બેઠક યોજાઈ. સંસદ ભવનમાં યોજાયેલી આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓને ઓપરેશન અંગેની માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં ગૃહ મંત્રી અમિત શાહ, વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન, રાજ્યસભામાં ગૃહના નેતા જે. પી. નડ્ડા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવ, તૃણમૂલ કોંગ્રેસના નેતા સુદીપ બંદોપાધ્યાય, એનસીપી (એસપી) નેતા સુપ્રિયા સુળે સહિતનાં નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તમામ પક્ષોનાં નેતાઓએ ઓપરેશન સિંદુરની પ્રશંસા કરી છે અને આતંકવાદી વિરુધ્ધ સૈન્ય કાર્યવાહીને સમર્થન આપ્યું છે.

# NSA-PM MEET

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આજે નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી સ્થળો પર ભારત દ્વારા કરવામાં આવેલા હુમલાના એક દિવસ પછી આ મુલાકાત થઈ હતી.

ગઈકાલે, શ્રી ડોભાલે પહેલગામ આતંકવાદી હુમલાના બદલામાં આતંકવાદી ઠેકાણા, માળખાગત સુવિધાઓ સામે કરાયેલી કાર્યવાહી અંગે વિશ્વભરના તેમના અનેક સમકક્ષોનો સંપર્ક કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતનો પરિસ્થિતિ તણાવપૂર્ણ કરવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ જો પાકિસ્તાને પરિસ્થિતિ બગાડી તો તેનો જડબાતોડ જવાબ અપાશે.

# REV. DAY LoC FIRING

જમ્મુ અને કાશ્મીરમાં, પાકિસ્તાની સેનાએ ગઈકાલે રાત્રે નિયંત્રણ રેખા પર ચાર સેક્ટરમાં ગોળીબાર કરતાં ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો હતો. 7 અને 8 મેની મધ્યરાત્રિએ, પાકિસ્તાની સેનાએ જમ્મુ જિલ્લાના અખનૂર સેક્ટરની સામેના વિસ્તારોમાં, કુપવાડા, બારામુલ્લા અને ઉરીમાં નિયંત્રણ રેખા પાર નાના હથિયારો અને તોપખાનાનો ઉપયોગ કરીને કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો.

દરમિયાન, જમ્મુમાં સૌથી વધુ અસરગ્રસ્ત પૂંચ સેક્ટર, જ્યાં ગઈકાલે ભારે ગોળીબાર થયો હતો, જેમાં 13 લોકો માર્યા ગયા હતા, જ્યારે અન્ય કેટલાંક ઇજાગ્રસ્ત બન્યાં હતાં.

# RAJASTHAN BORDER

'ઓપરેશન સિંદૂર "ને પગલે રાજસ્થાનની પાકિસ્તાન સાથે જોડાયેલી એક હજાર 37 કિલોમીટર લાંબી સરહદ સીલ કરીને સલામતી ચુસ્ત કરવામાં આવી છે. સરહદ સલામતી દળ અને ભારતીય હવાઈ દળ મહત્તમ એલર્ટ પર છે અને ચોવીસે કલાક સ્થિતિ પર નિયંત્રણ રાખી રહ્યા છે.

જોધપુર, જૈસલમેર, નાલ, ફલોદી અને ઉત્તરલાઇ સહિતનાં તમામ એરબેઝ હાઇ એલર્ટ પર છે. આધુનિક શસ્ત્રોથી સજ્જ સુખોઇ સહિતનાં લડાકુ વિમાનો શ્રીગંગાનગરથી માંડીને કચ્છનાં રણ સુધી આકાશમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. બી.એસ.એફે પણ ઝીરો લાઇન નજીક પેટ્રોલિંગ વધારી દીધું છે. સરહદ પારથી હવાઇ ઘુસણખોરી અટકાવવા એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ સક્રિય કરવામાં આવી છે.

# KUTCH DROWN

ભારતે ઓપરેશન સિંદુરને પગલે તમામ સરહદે સતર્કતા વધારી છે. ત્યારે કચ્છ સરહદે શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાતા મોટો વિસ્ફોટ થયો હતો.

આ ઘટના કચ્છના ખાવડા સરહદી વિસ્તારમાં થઈ હતી. પોલીસ અને વાયુદળે આ મામલે તપાસ શરૂ કરી છે.

# WORLD LEADERS-AIRSTRIKE

ભારતનાં ઓપરેશન સિંદૂરને વ્યાપક આંતરરાષ્ટ્રીય સમર્થન મળ્યું છે. ઘણા દેશોએ આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાના ભારતના અધિકારને ટેકો જાહેર કર્યો છે.

બ્રિટનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઋષિ સુનકે ઓપરેશન સિંદૂરને યોગ્ય ઠેરવીને કહ્યું કે, આતંકવાદીઓને સજા મળવી જ જોઇએ. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સુનકે કહ્યું કે, આતંકવાદીઓના સ્થળો ઉપરનો હુમલો વ્યાજબી છે.

અગાઉ, ભારતના પગલાને સમર્થન આપતા, ઇઝરાયલના રાજદૂત રુવેન અઝારે કહ્યું હતું કે, ઇઝરાયલ ભારતના સ્વ-બચાવના અધિકારને સમર્થન આપે છે. રશિયાએ પણ આતંકવાદની કડક શબ્દોમાં ટીકા કરી હતી.

# FACT CHECK - PAKISTAN

સરકારે કહ્યું કે, પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ અમૃતસરમાં લશ્કરી મથક પર હુમલાનો ખોટો આરોપ લગાવતા જૂના વીડિયો વાઇરલ રહ્યા છે. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક યુનિટ અનુસાર, શેર કરવામાં આવી રહેલો વીડિયો 2024ની જંગલની આગનો છે. સરકારે નાગરિકોને ખોટી માહિતી શેર કરવાનું ટાળવા અને સચોટ માહિતી માટે માત્ર સરકારના સત્તાવાર સ્રોતો પર આધાર રાખવા સલાહ આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# UTTARKASHI HELICOPTER CRASH

આજે સવારે ઉત્તરાખંડના ગંગણી નજીક એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતાં પાંચ યાત્રાળુઓ અને પાઇલટ સહિત છ લોકોના મોત થયા છે. દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરમાં સાત લોકો સવાર હતા. હેલિકોપ્ટર યાત્રાળુઓને લઈને ગંગોત્રી ધામ જઈ રહ્યું હતું. તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીને શોક સંતપ્ત પરિવારોને સાંત્વના આપી છે. જ્યારે દુર્ઘટનાના તપાસના આદેશ આપ્યાં છે.

# JAISHANKAR-SAUDI MINISTER

સાઉદી અરેબિયાના વિદેશ રાજ્યમંત્રી અદેલ અલ-જુબેરે આજે સવારે નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે કહ્યું કે, તેમણે આતંકવાદનો મજબૂત રીતે સામનો કરવા અંગે ભારતના દ્રષ્ટિકોણ શેર કર્યા હતા

# IRAN FM VISIT

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી ડૉ. અબ્બાસ અરાઘચી બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ ભારત અને ઈરાન વચ્ચે 20મી સંયુક્ત કમિશન બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. વિદેશ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી ડૉ. અરાઘચીની આ ભારતની પહેલી મુલાકાત છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત-ઈરાન મિત્રતા સંધિ પર હસ્તાક્ષરની 75મી વર્ષગાંઠ નિમિત્તે સંયુક્ત આયોગની બેઠક યોજાઈ રહી છે. બેઠકમાં બંને દેશો વચ્ચે પરસ્પર હિતના મુદ્દાઓ અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે આગળ વધવાની રીતોની સમીક્ષા કરવામાં આવશે.

# IPL-CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં, આજે પંજાબ કિગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મૂકાબલો થશે. આ મેચ ધર્મશાળામાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સને બે વિકેટે હરાવ્યું હતું. પહેલા બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે 180 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સે 8 વિકેટ ગુમાવીને 183 રન બનાવીને લક્ષ્ય પાર કર્યું હતું.

# ED - GST INVOICES

પ્રવર્તન નિદેશાલય-ઇડીએ નકલી GST ઇન્વૉઇસ  કૌભાંડ સાથે સંકળાયેલી મની લોન્ડરિંગ તપાસ મામલે કોલકાતા, રાંચી અને જમશેદપુરમાં નવ સ્થળોએ તપાસ અભિયાન હાથ ધર્યું છે. આરોપીઓએ 14 હજાર 325 કરોડ રૂપિયાનાં નકલી ઇનવોઇસ બનાવીને આઠ હજાર કરોડ રૂપિયાનાં અમાન્ય ઇનપુટ ટેક્સ ક્રેડિટ-ITC નાં દાવા કર્યા હતા.

એક નિવેદનમાં એજન્સીએ જણાવ્યું કે, તપાસ અભિયાનનો હેતુ પી.એમ.એલ.એની જોગવાઇઓ હેઠળ ગુનાની આવક સાથે સંકળાયેલા દસ્તાવેજો અને મિલકતો શોધવાનો છે.

# LAND SLIDE

જમ્મુ-કાશ્મીરના રામબનમાં, ભૂસ્ખલનને કારણે જમ્મુ-કાશ્મીર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરવામાં આવ્યો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રામબનના ચંબા સેરીમાં વરસાદ અને ભૂસ્ખલનને કારણે, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંને બાજુથી વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. રસ્તા ઉપર પડેલી માટીને માર્ગ પરથી દૂર કરવામાં આવી રહી છે. પ્રવાસીઓને હવામાન સુધરવા અને રસ્તો સાફ ન થાય ત્યાં સુધી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે.

# PAKISTAN-BLAST

બલુચિસ્તાનમાં બે અલગ અલગ હુમલાઓમાં 14 પાકિસ્તાની સૈન્ય જવાનો માર્યા ગયા, પ્રથમ ઘટનામાં, બોલાન જિલ્લાના માચના શોરકંદ વિસ્તારમાં એક લશ્કરી કાફલાને નિશાન બનાવીને રિમોટ-કંટ્રોલ્ડ IED હુમલો કરવામાં આવ્યો હતો. આ શક્તિશાળી વિસ્ફોટમાં બે સ્પેશિયલ ઓપરેશન કમાન્ડર સહિત તમામ 12 સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

તે જ દિવસે આ ઘટના બાદ  કેચ જિલ્લાના કુલાગ ટિગ્રાન વિસ્તારમાં બનેલી બીજી ઘટનામાં, હુમલો થયો હતો. BLA પ્રવક્તા જીયાંદ બલોચે બંને હુમલાઓની જવાબદારી લેતા એક નિવેદન જાહેર કરી અને પાકિસ્તાની સેનાની ટીકા કરી, તેને ભાડૂતી દળ ગણાવ્યું હતું.